દેશમાં દુર્લભ કેમેરા જોઈ ફોટોગ્રાફર્સ અંજાઈ ગયા

ગાંધીનગર, તા. ૧૩

દેશના બહુ જાણીતા, સફળ ને દુનિયામાં નામ કાઢી આવેલા ફોટોગ્રાફર સાદિક સૈયદ સાથેની મુલાકાત ગાંધીનગરના ફોટોવૉકર્સ, ફોટોરસિકો સાથે અનેક રીતે યાદગાર બની રહી હતી. ખાસ તો ભારતમાં દુર્લભ એવા કેમેરા અને અત્યાધુનિક લેન્સ જોઈને ફોટોવૉકર્સની આંખો પહોળી થઈ ગઈ હતી! ફોટોગ્રાફીની ટેકનોલૉજી આગળ વધી ગઈ છે એ વાતની જાણ સૌને હતી, પણ આટલી હદે આગળ વધી ગઈ છે એ સૌને હવે સમજાયું હતું.

છેલ્લા ચારેક મહિનાથી ગાંધીનગરમાં 'દેખીતું છતાં અણજાણ્યું' વિષયે ફોટોગ્રાફી કરતા નગરના ફોટોવૉકર્સના લાભાર્થે આલોક બ્રહ્મભટ્ટ અને વિજય પવારના નેતૃત્વમાં સાદિક સૈયદ સાથેની આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ફોટોવૉકર્સ દ્વારા કેપ્ચર કરવામાં આવેલા પસંદગીના ફોટોગ્રાફ્સ અંગે આ મુલાકાત દરમ્યાન ચર્ચા કરવામાં આવી હતી તથા સાદિક સૈયદ દ્વારા તેમની ફોટોગ્રાફીને ઉત્તમોત્તમ બનાવવા માટે પોતાના અનુભવને આધારે ઉપયોગી સૂચનો આપવામાં આવ્યાં હતાં. એમની સાથે ફોટોગ્રાફી વિષયના વિવિધ પાસાઓની ચર્ચા પણ ફોટોવૉકર્સદ્વારા કરવામાં આવી હતી.

સાદિક સૈયદે ફોટોગ્રાફર્સને ડૉક્યુમેન્ટરી ફોટોગ્રાફી, ટુરીઝમ ફોટોગ્રાફી, ડિજીટલ ફોટોગ્રાફી માટે ઉપયોગી વિવિધ મોડ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને પોતાના ફોટોગ્રાફીના રોચક અનુભવો વર્ણવી ફોટોગ્રાફીમાં ફોકસીંગ અને સબ્જેક્ટના મહત્ત્વને સ્પષ્ટ કર્યું હતું.

દેશ-વિદેશના નામી-અનામી ફોટોગ્રાફર્સ દ્વારા કેપ્ચર કરવામાં આવેલા અદ્‌ભૂત ફોટોગ્રાફ પ્રદર્શિત કરી એમનું કંપોઝીશન સમજાવીને તો સાદિક સૈયદે સૌને પોતાના ફૅન બનાવી દીધા હતા.

મુલાકાતના અંત ભાગમાં એમની પાસે રહેલા લેટેસ્ટ કેમેરા અને લેન્સ જોઈને ફોટોગ્રાફર્સ દંગ થઈ ગયા હતા. પ્રચલિત કેમેરા કરતાં અડધાથી પણ ઓછી સાઈઝના આ કેમેરા અને લેન્સને સૌ રસિકોએ રસથી જોયા હતા અને આ મુલાકાતની સાથે એમને પણ પોતાની સ્મૃતિમાં કંડારી લીધા હતા.

એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં વિશ્વ વસતિ દિનની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૩

સદવિચાર પરિવાર સંચાલિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર, ઉવારસદમાં તાજેતરમાં વિશ્વ વિકલાંગ દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં વિશ્વ વિકલાંગ દિન પ્રસંગે પ્રાર્થના સભા યોજાઈ હતી. પ્રાર્થના સભામાં શાળાના શિક્ષક ડી.જી. ત્રિવેદીએ વિશ્વ વસતિ દિનની ઉજવણી શા માટે? વિશ્વના સંદર્ભમાં ભારતનું વસતિ ચિત્ર-વસતિ વૃદ્ધિ અને આર્થિક-સામાજિક અસરોની ખૂબ જ સુંદર માહિતી આંકડાકીય રીતે આપી હતી. પ્રશ્નોત્તરીમાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નોને વાચા આપીને આ સમસ્યાને કેવી રીતે હલ કરી શકીએ તેનું પણ માર્ગદર્શન મેળવ્યું હતું. શાળાના બુલેટિન બોર્ડ પર માહિતી રજૂ કરીને વસતિની ગંભીરતા ભારતના સંદર્ભમાં એ ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આચાર્ય દ્વારા નાનું કુટુંબ-સુખી કુટુંબની માહિતી આપવામાં આવી હતી અને વસતિના પરિણામો વિશે વાત કરવામાં આવી હતી.

ગાંધીનગર નાગરિક સેવા સમિતિએ બોર્ડના તેજસ્વી વિદ્યાથીઓનું સન્માન કર્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નાગરિક સેવા સમિતિના મંત્રી પી. જે. સુશીલ અને પ્રવક્તા નટવરભાઈ લેઉવાએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૭૦ ટકાથી વધુ માર્કસ મેળવી પાસ થનાર '૨૪૬' વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગાંધીનગર નાગરિક સેવા સમિતિ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

કોઈપણ નાત-જાતના ભેદભાવ વગ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના ૨૪૬ વિદ્યાર્થી ભાઈ બહેનોને આમંત્રિત મહેમાનોની હાજરીમાં સર્ટિફિકેટ, ટ્રોફી અને નોટબુક અર્પણ કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી કરશનદાસ સોનેરીના પ્રમુખપદે સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ સર્વશ્રી બાલુભાઈ પટેલ, ગિરીશભાઈ પરમાર, નિશીતભાઈ વ્યાસ, ડૉ. મનિષ દોશી, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પ્રવીણ પટેલ, નેતા ચીમનભાઈ વિંઝુડા, મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલ તેમજ શહેર જિલ્લા કોંગ્રેસના મહિલા પ્રમુખ પ્રેમીલા હાડા અને વિજયસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર નાગરિક સેવા સમિતિના અધ્યક્ષ અને મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમસિંહ ખાચર તથા તેમની કાર્યરત ટીમને સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગાંધીનગર એકમના પ્રમુખ નવીનચંદ્ર સોનેરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

સંસ્થાના અધ્યક્ષ અને મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમસિંહ ખાચરે ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી, આ સંસ્થાએ ૧૫ વર્ષ દરમિયાન કરેલી વિવિધ પ્રકારની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. ગાંધીનગર એકમના મહામંત્રી હિંમતલાલ મેકવાને આભારવિધિ કરી હતી.

ચૌધરી કન્યા વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર તા. ૧૩

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય સેકટર-૭ (ગ્રાન્ટેડ) વિભાગની શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેના પ્રમુખ, ઉપ-પ્રમુખ, શિસ્ત મંત્રી, સફાઈ, આરોગ્યમંત્રી, મનોરંજન મંત્રી, વિજ્ઞાન-ઉર્જા મંત્રી, પ્રવાસ મંત્રી વગેરેની વરણી કરવામાં આવી. આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા બહેનો, શ્રી લીલાબેન આઈ. ચૌધરી, શ્રી મિનાક્ષીબેન સુતરિયા તથા હેતલબેન દેસાઈ ચૂંટાયેલ મંત્રીઓને કાર્યભાર વિશે સમજ આપી હતી. પ્રમુખ પંડયા તરૂણ અરવિંદભાઈ ધોરણ-૧૧, પંડ્યા ચક્ષુહિંમાંશુભાઈ ધોરણ-૯ માં નિમાયા છે.

શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિકો અર્પણ કરાયાં

અમદાવાદ, તા. ૧૩

રાજ્ય સરકારના રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકની ગુજરાતી, ઉર્દૂ અને સિંધી સાહિત્ય અકાદમી દ્વારા તેમની ભાષાના વર્ષ ૨૦૦૮-૧૦ સુધીના ૧૦૫ શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક અર્પણ કરવાનો સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે સર્જકોના સર્જનને પોંખતાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે સમાજને સંવેદનશીલ બનાવવામાં સર્જકનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. વૈચારિક ક્રાંતિના બીજ રોપનાર પુસ્તકો ઈતિહાસ રચે છે.

યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહાએ માતૃભાષાનો મહિમા ગાનારને વધાવતાં જણાવ્યું હતું કે મનુષ્યની ચેતના કોલંબસ સમા સર્જકો માઈલ સ્ટોન જેવા છે. ઈ બૂક ક્રાંતિમાં વિશ્વની સંવેદના આંગળીના ટેરવે રમે છે ત્યારે સરકાર દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોનું સન્માન સર્જકની શ્રેષ્ઠતાનું સન્માન છે.

હાસ્યવીર રતિલાલ બોરીસાગરે દરેક સર્જકને ઈશ્વરના ટપાલી કહ્યા હતા, જે અનેક પાત્રો અને પત્રો દ્વારા સંવેદનાને ઘર ઘર સુધી પહોંચાડી આપે છે.

આજે સરસ્વતી વિદ્યામંદિરમાં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

શ્રીરામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના પાઠ વિવિધ રાગ રાગિણીમાં કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે આજે તા. ૧૪મી જુલાઈ-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯.૧૫ કલાકે સરસ્વતી શિશુ માધ્યમિક વિદ્યામંદિર, ચ-રોડ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

પંચદેવ મંદિરે દર શનિવારે નિયમિત યોજાતા 'સુંદરકાંડ'ના પાઠનો સમય આજે રાત્રે ૮.૩૦ ના બદલે સાંજે ૭ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. સર્વે ભાવિક ભક્તોને સુંદરકાંડના પાઠમાં પધારવા આયોજકો દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આઈઆઈએમમાં સ્પિક મેકેચનું વિશેષ આયોજન

ફિલ્મ્સ, યોગા, શાસ્ત્રીય સંગીત અને નૃત્યની વોકશોપ યોજવામાં આવશે

અમદાવાદ, તા.૧૩

'સ્પિક મેકેચ' અમદાવાદ ૧૩ થી ૧૫ જુલાઈ દરમ્યાન આઈ.આઈ.એમ. અમદાવાદમાં સ્પિક મેકેચ- ગુજરાત રાજ્ય સંમેલન ૨૦૧૨ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના સ્પિક મેકેચના બધા જ કાર્યકરો ભાગ લેશે. જેનો મુખ્ય હેતુ સંસ્થાકીય વિચાર મંત્રણા (પાછલા વર્ષના કાર્યક્રમો) કરવાનો તથા આગામી વર્ષોની યોજના બનાવવાનો છે. જેમાં ફિલ્મ્સ, યોગા, શાસ્ત્રીય સંગીત અને નૃત્યની વોકશોપ યોજવામાં આવશે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ૧૩ જુલાઈ, ૨૦૧૨ શુક્રવારના રોજ ડો. મૃણાલીની સારાભાઈ અને શ્રીમાન ભાગ્યેશ ઝા (આઈ.એ.એસ.-સેક્રેટરી કલ્ચર) દ્વારા કરવામાં આવશે. અને ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ પ્રસંગે ડો. એન. રાજમ (વાયોલીન), ઉસ્તાદ વસીમુદ્દીન દાગર (ધ્રુપદ) અને શ્રીમતી મંજુ મહેતા (સિતાર) પોતાની કળા પ્રદર્શિત કરશે.

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા તેજસ્વી અનુસ્નાતક વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૩

સિનિયર સિટિઝન કાઉન્સિલના મંત્રીશ્રી એમ. એમ. શાહ અખબારી યાદીમાં જણાવેલ છે. કે પાટનગર ગાંધીનગરમાં વસતા અને ૨૦૧૨માં બી.ઈ.સિવિલ તેમજ એમ.બી.બી.એસ.ની પદવી મેળવી હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું ઠરાવેલ છે તો જરૂરી માર્કશીટ શ્રી મહેન્દ્રભાઈ શાહ ૯૯૦-એ નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧માં મોકલી આપવા જણાવવામાં આવે છે.



સાયન્સ સીટીમાં સુનિતા વિલિયમ્સના સંબંધમાં માહિતી આપવામાં આવી હતી.

ઉઘડતે પડદે

- કુંતલ નિમાવત

સંસ્કૃતિ સંસ્થાનું અફલાતૂન નજરાણું

'જૂજવે રૂપે અનંત ભાસે'

વાર્ષિક બે-પાંચ હજાર રૂપિયાની મૅમ્બરશીપ ફી લઈને કાર્યક્રમો દર્શાવવાની ફૅશનના આ જમાનામાં વિનામૂલ્યે સારા નહિ, શ્રેષ્ઠ કાર્યક્રમો આપવાનો જે ક્રમ સંસ્કૃતિ સંસ્થાએ આરંભ્યો છે એ દિન-પ્રતિદિન નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યો છે. જૂન માસના અંત ભાગમાં પોતાના નવા સાંસ્કૃતિક વર્ષના પ્રથમ કાર્યક્રમ રૂપે 'જૂજવે રૂપે અનંત ભાસે' નામક નાટ્યનો પ્રયોગ એ પણ આવો જ એક ઉમદા કાર્યક્રમ હતો. અલબત્ત, સંસ્કૃતિની પરંપરા પ્રમાણે તે એક અનોખો કાર્યક્રમ પણ ખરો જ.

એક લેખકની આઠ વાર્તાઓનું નાટ્યરૂપાંતર કરીને તેને એક સળંગ નાટકમાં દર્શાવવામાં આવે તેવો આ પ્રથમ ઉપક્રમ હતો, જેને ગાંધીનગરના રસિક પ્રેક્ષકોએ મન ભરીને માણ્યો હતો અને બે મોઢે સરાહ્યો હતો.

વિધેયાત્મક સાહિત્યના સર્જક તરીકે બહુ જાણીતા લેખક ડૉ. આઈ કે વીજળીવાળાના ચિંતનાત્મક નિબંધ પુસ્તક 'મનનો માળો', 'મોતી ચારો' તથા 'અંતર ઉજાસ' અત્યંત લોકપ્રિય થયાં છે. આ પુસ્તકોમાંની વાર્તાઓનું નાટ્યરૂપાંતર એ નાટ્યરસિકો માટે અનોખું નજરાણું બની રહ્યો હતો.

મૂળ રાજકોટ નિવાસી અને ચાર વર્ષ મુંબઈમાં પત્રકારત્વ કરીને ફરી રાજકોટ આવી નાટ્યપ્રવૃત્તિમાં રત થનારા મનીષ પારેખે આ નાટકનું (અથવા તો એક કૃતિમાં સમાવિષ્ટ આઠ નાટકોનું!) દિગ્દર્શન સંભાળ્યું હતું. રાજકોટના જ નવા-જૂના કલાકારોએ (એટલે કે નવા વધુ ને જૂના ઓછા કલાકારોએ) આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં.

ડૉ. વીજળીવાળાની વાર્તાઓમાં જ એટલો દમ છે કે વાંચતાં વાંચતાં હૃદય ભરાઈ આવે ને મનનો આવેગ આંસૂ બનીને આંખોથી છલકાઈ આવે. આવી સબળ વાર્તાઓને સારી રીતે નાટ્યદેહ આપવામાં આવે પછી એ સફળ ન થાય તો જ નવાઈ! પ્રેક્ષકો શરૂઆતથી અંત સુધી એકધારા બેસી રહ્યા ને એકટકે નાટક જોઈ રહ્યા હતા. સૂત્રધાર દ્વારા વાર્તાકથન રૂપે આ આખીય નાટ્યશ્રેણીને સાંકળી લેવામાં આવી હતી. દરેક વાર્તાને પોતાનો એક સંદેશ હતો ને એ નાતે આ શીર્ષક તળે રજૂ થયેલા દરેક નાટકને પોતાનો એક સંદેશ હતો - મતલબ કે એક જ નાટકમાં આઠ વિશિષ્ટ સંદેશ હતા એ પણ આ સુંદર કાર્યક્રમની એક વિશેષતા હતી.

રાજકોટના અભિનયકર્તાઓના સાહજિક અભિનયે નાટકમાં જાન રેડ્યો હતો તો સંગીત અને લાઈટ્સના પ્રયોગોએ નાટકને માણવા લાયક બનાવ્યું હતું. ('ડૉક્ટર ડૉક્ટર આપણે રમશું, પેશન્ટ તું અને ડૉક્ટર તું' એવા શબ્દોવાળું સાવ સરળ ધૂન ધરાવતું ગીત તો હજુય કાન ને મનને મધુરપ આપે છે!)

સાવ નાની જગ્યામાં પણ સેટ થઈ શકે એવા સેટીંગ સાથે ફાર્મસી કૉલેજ હૉલના નાનકડા સ્ટેજ ઉપર પણ આ કલાપ્રેમી કલાકારોએ જે કૌવત દેખાડ્યું એ ગાંધીનગર માટે એક યાદગાર ઘટના બની રહી હતી. સરવાળે નાટકે પોતાનું નામ સાર્થક કર્યું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની પ્રતિભાશાળી દિગ્દર્શકોને નાટ્ય નિર્માણ માટે આર્થિક સહાય આપવાની યોજના અન્વયે આ નાટક પસંદગી પામ્યું હતું અને રાજકોટના 'નેમ આર્ટ્સ'ના બૅનર તળે એ અહીં રજૂ કરવામાં આવ્યું હતું. નાટકની પ્રસ્તુતિની જેમ નાટકના પ્રેક્ષકોમાંય નવિનતા હતી! જાહેર કાર્યક્રમોમાં બહુ જ ઓછા જોવા મળતા બહુ બધા પ્રબુદ્ધ પ્રેક્ષકો આ કાર્યક્રમના પ્રેક્ષક તરીકે હાજર હતા, જેમણે આ નાટકને ભરપૂર માણ્યું હતું.

સંસ્કૃતિ સંસ્થાના ખમતીધર કૅપ્ટન રમેશભાઈ પટેલ, અજેય સેનાની મનોજ શુક્લ અને ઑલ રાઉન્ડર સમગ્ર ટીમને ફરી એકવાર અભિનંદન આપવા જ પડે એવો સુંદર કાર્યક્રમ. સંસ્કૃતિ દ્વારા રજૂ થયેલા અદ્‌ભૂત કાર્યક્રમ ઍકોર્ડીયન વાદનની મધુર તર્જો તો હજુ કાનમાં ગૂંજે જ છે, ત્યાં વળી પાછું આવું અનોખું નાટક સ્મૃતિપટ પર ઘર કરી ગયું છે! બહુત અચ્છે રમેશભાઈ, બઢિયા મનોજભાઈ, લગે રહો!

દુનિયામાં પંકાયેલી ગાંધીનગરની ગરવી પ્રતિભા : પારૂલ પરમાર

ઑગષ્ટ માસનો ઓગણત્રીસમો સૂરજ સંધ્યાની ગોદમાં સમાઈ જવા ઉતાવળો હતો. નવી દિલ્હીના અશોક ભવનની દિવાલો એક યાદગાર પ્રસંગના સાક્ષી થવા ખડે પગે ઊભી હતી. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ગૌરવશાળી પુરસ્કારો એનાયત કરવાના હતા. તાળીઓના ગડગડાટ વચ્ચે અર્જુન એવોર્ડ-૨૦૦૯ની ઘોષણા થઈ. સામાન્યતઃ યુવતીની ચાલમાં નર્તન હોય છે. પગની મામૂલી ખોડને કારણે ચાલનું નર્તન ક્યારેક સવિશેષ મોહક લાગે છે. આવી જ મોહક ચાલ સાથે લયબધ્ધ રીતે આગળ વધતી એક યુવતીના હૈયામાં વરસોની તપસ્યાના ફળની પ્રાપ્તિનો આનંદ, ઊભરાઈ જતાં દૂધ પેઠે બેકાબૂ બન્યો હતો. જે હાથે હંમેશા બેડમિન્ટનનું રેકેટ પકડ્યું હતું તે હાથ આજે અર્જુન એવોર્ડ પકડવા અધીરા થયા હતા. દૃશ્ય રોમાંચક હતું. દૂરદર્શનના માધ્યમ થકી આ કાર્યક્રમનું જીવન્ત પ્રસારણ ગાંધીનગરના ઘણાં ઘરોમાં વિશેષ રુચિથી જોવાઈ રહ્યું હતું. કારણ ખાસ હતું. પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડ વિજેતા વિકલાંગ બેડમિંટન ખેલાડી આપણાં ગાંધીનગરની દીકરી હતી!

પોલીયો થઈ જવાના કારણોમાં બહુધા એક કારણ સર્વત્ર સાંભળવા મળે છે. બે વરસની સાજીનરવી, રૂડીરૂપાળી પારૂલને પણ તાવ દરમિયાન અપાયેલું ઈન્જેક્શન પોલીયોની અસર છોડી ગયું. એક પગ સહેજ ટૂંકો થઈ ગયો હતો. સદનસીબે ખોડ ગંભીર નહોતી. શારીરિક ખોડખાંપણો લઘુતાગ્રન્થિ જન્માવે છે. પારૂલ અને તેનો પરિવાર નોખી માટીનો હતો. નાનકડી પારૂલને શક્ય હતું ત્યાં સુધી ખભા પર તેડીને અને પછી સાયકલ પર બેસાડીને પિતા દલસુખભાઈ પિતૃધર્મ નિભાવતા રહ્યા. દલસુખભાઈ પરમારે ફિઝીયોથેરાપીસ્ટની સલાહ અને સારવાર લીધી. પારૂલ જાતે ચાલી શકે તેટલો ફાયદો થયો. કસરત બંધ થાય તો પગની સ્થિતિ પુનઃ બગડી શકે તેમ હતી. રોજ એકથી દોઢ કલાક ઘરે કસરત કરાવવાની તબીબી સલાહ હતી. પારૂલને રમવું હતું, પારૂલને દોડવું હતું. દલસુખભાઈ ઈજનેર હતા. સાથોસાથ બેડમિન્ટનની રમતના અચ્છા ખેલાડી હતા. એક મિત્રએ સલાહ આપી કે તું પારૂલને તારી સાથે બેડમિન્ટન રમવા લઈ જા. પારૂલ પ્રફુલ્લિત રહેશે, થોડુંઘણું રમતા શીખશે અને રમવાથી પગને આપોઆપ કસરત મળી જશે. આમ પણ કસરતને લઈને પરમાર પરિવાર મૂંઝવણ અનુભવતો હતો. પારૂલને નિયમિત કસરત કરાવવી નિતાંત આવશ્યક હતી. દલસુખભાઈને મિત્રની વાત શીરાની પેઠે ગળે ઊતરી ગઈ. દલસુખભાઈ પારૂલને એક દિવસે બેડમિન્ટન કોર્ટ સુધી લઈ આવ્યા. સૅક્ટર-૨૧ જીમખાનાથી શરૂ થયેલી પારૂલની આ સફર એક દિવસે બેડમિન્ટનની સર્વોચ્ચ સિધ્ધિની સફર બની જશે તેની કોઈને કલ્પના નહોતી!

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

પારૂલની માતાને બાદ કરતાં આખો પરિવાર બેડમિન્ટન રમી જાણે છે. ઘરનું આ વાતાવરણ પારૂલને બેડમિન્ટનની રમતમાં આગળ વધવા માટે સાનુકૂળ નીવડ્યું. એક પગ પોલિયોગ્રસ્ત હોય, માંડ માંડ ચાલી શકાય તેવું હોય એવી સ્થિતિમાં પગના ચપળ હલનચલનના આધારે રમાતી રમતમાં બાર વર્ષની પારૂલ સૌ પ્રથમ સુવર્ણ ચંદ્રક જીતી લાવી. પારૂલ ત્યારે સાતમા ધોરણમાં ભણતી હતી. બેડમિન્ટનની રમતમાં પારૂલનું અસાધારણ કૌશલ્ય ખેલજગતના માંધાતાઓ માટે મોટું આશ્ચર્ય હતું. આ રમતને લગતાં કોઈ ચઢાણો હવે પારૂલ માટે કપરાં રહ્યાં નહોતાં. ખૂબીની વાત તો એ છે કે પારૂલ પોતે વિકલાંગ હોવા છતાં ૨૦૦૨ સુધી શારીરિક ખોડખાંપણ વિનાના એટલે કે સશક્ત ખેલાડી સાથે રમતી રહી. કદાચ તેને ખ્યાલ નહોતો કે વિકલાંગો માટે અલાયદી બેડમિંટન ટુર્નામેન્ટ પણ રમાય છે!

આંતરરાષ્ટ્રીય કક્ષાનો વિકલાંગો માટેનો વર્લ્ડ કપ ૨૦૦૨માં બેંગલોરમાં યોજાયો. બેડમિંટનમાં બે ટાઈટલ પારૂલે જીત્યાં. તેની ખુશીનો કોઈ પાર નહોતો. કારણ હતું તેના જન્મદિવસે મળેલાં આ બંને સુવર્ણ ચંદ્રકો! સફળતા પારૂલના કદમો ચૂમતી ગઈ. ઑલ ઈન્ડિયા કોમનવેલ્થ ડિસેબલ્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટ ફરીથી બેંગ્લોરમાં યોજાઈ. સુવર્ણચંદ્રકો જીતવાની પારૂલને જાણે કે આદત પડી ગઈ હતી! ગાંધીનગર પાછી ફરી ત્યારે પારૂલની બેગમાં બીજા બે સુવર્ણચંદ્રકો હતા. વર્લ્ડકપ ૨૦૦૨ અને કોમનવેલ્થ ટુર્નામેન્ટમાં મેળવેલ ભવ્ય સિધ્ધિ બદલ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પારૂલનું સન્માન કર્યું. પારૂલને ઉત્સાહ વધતો જતો હતો. ધીમી પણ મક્કમ ગતિએ પારૂલ બેડમિન્ટનનો એવરેસ્ટ ચઢી રહી હતી. ઑલ ઈન્ડિયા રાજીવ ગાંધી મેમોરિયલ બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૦૩ ફરીથી બેંગ્લોરમાં યોજાઈ. પારૂલને હવે સોના સિવાય કશું ખપતું નહોતું. અહીંથી પણ બે સુવર્ણચંદ્રકો લાવી. દીવાનખંડનો શોકેસ ધીરેધીરે સુવર્ણચંદ્રકોથી ઊભરાવા લાગ્યો.

એકવાર એવું બન્યું, ચોથી ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લેવા પારૂલ જેરૂસલેમ પહોંચી. ઈઝરાયેલનું આંતરિક વાતાવરણ એ સમયે ડહોળાયેલું હતું. એન્ટ્રીઓ મુજબના સ્પર્ધકો ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે આવી શક્યા નહીં. જે દિવસે પારૂલની મેચ હતી તે દિવસે બેડમિન્ટનમાં કોઈ મહિલા સ્પર્ધક આવી શક્યાં નહોતાં. રમત શક્ય બનશે કે કેમ એવી દ્વિધા વચ્ચે આયોજકો દ્વારા પારૂલને જણાવવામાં આવ્યું કે જો તમારે રમવું જ હોય તો પુરુષ સ્પર્ધક સાથે રમી શકો છો! પડકાર મોટો હતો. પારૂલે એક પળનો ય વિલંબ કર્યા વિના આ પડકાર હિંમતભેર ઝીલી લીધો. મિક્સ્ડ ડબલમાં પારૂલ રજતચંદ્રક મેળવીને જ જંપી.

રમતગમત ક્ષેત્રે પારૂલની બેનમૂન સિધ્ધિઓને કારણે તેને સહેલાઈથી સરકારી નોકરી મળી ગઈ. પારૂલે પોસ્ટ ખાતાની નોકરી સ્વીકારી. જેનું લૂણ ચાખ્યું હોય એનો ગણ શેં ભૂલાય? પારૂલ ડિપાર્ટમેન્ટ માટે પણ રમી. પોસ્ટ વિભાગને સતત આઠ વર્ષ સુધી ચેમ્પિયન બનાવ્યો. ત્રણેક વાર રનર-અપ રાખી શકી. જુલાઈ, ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય કક્ષાનો પહેલો એશિયા પેરાલમ્પિક બેડમિન્ટન કપ મલેશિયામાં યોજાયો. કુઆલાલમ્પુરથી પણ પારૂલ બીજા બે સુવર્ણચંદ્રક જીતી લાવી. બેંગ્લોર શહેર પારૂલ માટે ફરીથી શુકનવંતું સાબિત થયું. ત્યાં યોજાયેલી મેટલાઈફ ઈન્ટરઝોન બેડમિન્ટન ટુર્નામેન્ટ ફોર ફિઝીકલી ચેલેન્જડમાં એક નહીં, બે નહીં, પૂરાં ત્રણ સુવર્ણચંદ્રકો પ્રાપ્ત કરીને પારૂલ બુલંદીના શિખરો સર કરી ગઈ. સોના સાથે પારૂલને લેણદેણ હતી! ૨૦૦૫માં ઓરિસ્સાના અંગુલ શહેરમાં યોજાયેલ ઓલ ઈન્ડિયા સુપર સીક્સ બેડમિન્ટન ટુર્નામેન્ટ ફોર ધ ફિઝીકલી ચેલેન્જડમાં પારૂલ ફરીથી એક સુવર્ણ ચંદ્રક લઈ આવી.

પાંચમી ઈઝરાયેલ ઓપન બેડમિન્ટ ચેમ્પિયનશીપ ફોર ધી ડિસેબલ્ડમાં ભાગ લીધો. પારૂલ ડબલમાં પ્રથમ સ્થાન અને સિંગલમાં દ્વિતિય સ્થાને રહી. બેડમિન્ટન સિલેક્શન ટ્રાયલ્સ ઍફઈપીઆઈસી ગેમ્સ ૨૦૦૬ ફરીથી બેંગ્લોરમાં યોજાઈ અને પારૂલને ફરી એક સુવર્ણ ચંદ્રક! આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવમી ઍફઈપીઆઈસી ગેમ્સ મલેશિયાના

● અનુસંધાન છઠ્ઠા પાને